## જોડાણ અરજી અંગેની જાહેરાત

**જા. નં. ૪૨ / ૨૦૧૭**

યુનિવર્સિટી ધારાની કલમ–૩૫ અન્વયે જૂન–૨૦૧૮ થી નવી કોલેજો શરૂ કરવા ઇચ્છતા તેમજ હાલની અને સંલગ્ન કોલેજોના ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરવા ઇચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/ કોલેજ પાસેથી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં અચૂક મળી રહે તે મુજબ નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. કોલેજ શરૂ કરવા અંગેના નિયમોની માહિતી તેમજ જોડાણ અંગેનું અરજી પત્રક યુનિવર્સિટી વેબસાઇટ **www.ngu.ac.in** ઉપરથી મેળવી શકાશે. નવા જોડાણની ફી પેટેનો રૂા.૨,૦૦,૦૦૦/– + પ્રોસેસ ફી રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૨,૦૨,૦૦૦/– તથા કાયમી જોડાણ માટે રૂા.૧,૦૦,૦૦૦/– + ૨,૦૦૦/– પ્રોસેસ ફી મળીને કુલ રૂા.૧,૦૨,૦૦૦/– નો ડીમાન્ડ ડ્રાફ્ટ જોડાણ અરજી સાથે કુલસચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના નામનો મોકલવાનો રહેશે. ચાલુ/વધારાના કે અન્ય જોડાણ માટે ઓર્ડિનાન્સ–૮૭ મુજબ જોડાણ ફી ભરવાની રહેશે. જોડાણ ફી નો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજનું જોડાણ મેળવવા માંગતી સંસ્થાઓએ જયાં જરૂરી હોય ત્યાં સંલગ્ન કાઉન્સિલની મંજૂરી માટે તેમજ યુનિવર્સિટીની **NOC** માટે અરજી કરેલી હોવી જરૂરી છે.

વધુમાં તા.૩૦/૦૪/૨૦૧૭ સુધીમાં નવા જોડાણ/વધારાના જોડાણ/ચાલુ જોડાણ કે અન્ય જોડાણ માટે ઓર્ડિનાન્સ–૮૭ મુજબ નિયત તારીખ સુધીજ લેઇટ ફી સાથે અરજી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઇપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ના નવા/ચાલુ/ વધારાના/કાયમી જોડાણ માટે અરજી સ્વીકારવામાં આવશે નહી. જોડાણની અધૂરી વિગતો સાથેની તેમજ સમય મર્યાદા બહાર મળેલ અરજી/ દરખાસ્તો ધ્યાને લેવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

શિક્ષણ વિભાગના પત્રાંકઃસયજ/૨૦૦૬/૧૬૦૨/ખ–૧,તા.૧૧/૦૮/૨૦૧૪થી કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઈતર પ્રવૃત્તિમાં પણ રૂચિ ઉત્પન્ન થાય તે માટે નવી જોડાણ અરજી મેળવતી કોલેજોએ **SCOPE, NSS, NCC** અથવા અન્ય કોઈ અભ્યાસેતર સંબંધિત પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે રીતે પોતાની રીતે આ અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

<u>નોંધ</u> :
(૧) **યુ.જી.સી.ના નિયમ અનુસાર જે સંસ્થા/ટ્રસ્ટ પાસે ૫ એકર જમીન ટ્રસ્ટના નામે હોય તેમણે જ નવી કોલેજ માટે અરજી કરવી.**
(૨) **કોમર્સિયલ કોમ્પ્લેક્ષ હોય તેની અંદર કોઈપણ સંસ્થા/ ટ્રસ્ટ નવી કોલેજ શરૂ કરી શકશે નહી.**
(૩) **જે કોઈ ટ્રસ્ટ/મંડળ/સોસાયટી/કોલેજ ધ્વારા નવા જોડાણ માટે જે વિદ્યાશાખાની જોડાણ અરજી કરેલ હશે તે વિદ્યાશાખાને પાછળથી અન્ય વિદ્યાશાખામાં તબદીલ કરવામાં આવશે નહી.**
(૪) **શિક્ષણ વિભાગના તા.૧૧/૦૮/૨૦૧૪ના પત્રાંક : સયજ/૨૦૦૬/૧૬૦૨/ખ–૧ થી કાયમી જોડાણ મેળવવા પાત્ર કોલેજે નેશનલ એક્રિડીટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ (NAAC) દ્વારા 'B' અથવા તેનાથી ઉચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરેલ હશે તેવી કોલેજોએ જ કાયમી જોડાણ માટેની અરજી કરવાની રહેશે.**
(૫) **ઓર્ડિનાન્સ–૮૭ પ્રમાણે ભરેલ જોડાણ ફીના નાણાં પરત મળશે નહી.**

(ડૉ.ધ.મ.પટેલ)
કા. કુલસચિવ

સ્થળ : **પાટણ**–૩૮૪ ૨૬૫
તારીખ :૦૫/૦૧/૨૦૧૭

---

**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**

જા. નં./એકે/જોડાણ/૧૬૮/૨૦૧૭
યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૨૧,
**પાટણ (ઉ.ગુ.) ૩૮૪ ૨૬૫**
તા.૦૫/૦૧/૨૦૧૭

પ્રતિ,
સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
તરફ જાણ તથા અમલ સારું.

સહી/–
કુલસચિવ વતી